આદર્શ નિવાસી શાળા, રાજુલાના સ્કૂલ બિલ્ડીંગનું રીનોવેશન કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ અનશ/૧૧૨૦૨૦/૪૨૮૦૬/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૯/૦૬/૨૦૨૧

**વંચાણે લીધાઃ-**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૩/૦૪/૨૦૨૧નો પત્ર ક્રમાંકઃ વિજાક/સ.છા./આનિશા/ મરામત/૨૧-૨૨/૬૧૩

**આમુખઃ-**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના પત્રથી નિયામકશ્રી(વિ.જા.ક.)એ આદર્શ નિવાસી શાળા, રાજુલાના સ્કૂલ બિલ્ડીંગનું રીનોવેશન કરવા માટે રૂ.૩૦,૧૧,૭૦૦/- ના ખર્ચની મંજૂરી આપવા તેમજ તે રકમ કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, અમરેલીના હવાલે મૂકવાની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

પુખ્ત વિચારણાના અંતે આદર્શ નિવાસી શાળા, રાજુલાના સ્કૂલ બિલ્ડીંગનું રીનોવેશન કરવા માટે રૂ.૩૦,૧૧,૭૦૦/- (અંકે રૂપિયા ત્રીસ લાખ અગિયાર હજાર સાતસો પુરા)ના ખર્ચની મંજૂરી આપવા તેમજ તે રકમ કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, અમરેલીના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતોઃ-**

(૧) નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં થયેલ બજેટ જોગવાઇ અને તેની સામે નાણાં વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
(૨) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૩) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૪) સરકારી ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ મારફત કરવા અંગેના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧૪/૦૮/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૧૫/૬૯૧૦૯૩/(બો/કોર્પો.)/ચ માં આપવામાં આવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૫) નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ કામ માટે નિયત પ્રક્રિયા અનુસરીને ખર્ચ કરવાનો રહેશે.

(૭) આ અંગેનો ખર્ચ માર્ગ અને મકાન વિભાગના અંદાજપત્રના માંગણી નં-૮૪, મુખ્ય સદર-૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર-૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર-૪૨ મકાનો, વિગતવાર સદર: ૦૦, હેતુ સદર-૫૩૦૦ મોટા કામ, (૧૧) જુદા જુદા (મા. અને મ.) પ્રભાગ - રાજ્યમાં અન્ય પછાત વર્ગો માટેના સરકારી મકાનોના પુન:સજાવટ હેઠળ જ ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં કરવામાં આવેલ જોગવાઇમાંથી જ મેળવવાનો રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૯/૦૬/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુ. કે. પાઠક

(યુ. કે. પાઠક)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

(૧) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૩) નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.

(૪) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

(૫) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૬) સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી (નિયામકશ્રી મારફત)

(૭) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

(૮) સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૯) કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, અમરેલી

(૧૦) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૧) સેક્શન અધિકારીશ્રી(બ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

(૧૨) સિલેકટ ફાઇલ